નગરના જુદા જુદા વિસ્તારોમાં વીજ ચોરી ઝડપાયા સમગ્ર નગરમાં વીજચોરોમાં ફાફડાટ ફેલાયો

છોટાઉદેપુરમાં 208 કનેક્શનમાં વીજ ચોરી પકડાઈ , 76 .43 લાખનો દંડ વસૂલ

છોટાઉદેપુર નગર સહિત ગ્રામિણ વિસ્તારમાં એમજીવીસીએલ વિજિલન્સના દરોડા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.24

છોટાઉદેપુર નગર તેમજ આસપાસના ગ્રામિણ વિસ્તારોમાં MGVCLની વિજિલન્સ ટીમોએ એક મહિનામાં ત્રણ વખત પોલીસ કાફલા સાથે સઘન દરોડા પાડતાં વીજચોરોમાં ફફડાટ ફેલાયો છે. તા. 4 ડિસેમ્બર, 17 ડિસેમ્બર અને 23 ડિસેમ્બરના રોજ કરાયેલા ચેકિંગ દરમિયાન કુલ 3404 વીજ મીટરો તપાસવામાં આવ્યા હતા, જેમાંથી 208 કનેક્શનમાં વીજ ચોરી ઝડપાઈ હતી. આ કેસોમાં એમજીવીસીએલ દ્વારા કુલ રૂ. 76 લાખ 43 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

છોટાઉદેપુર નગરના સ્ટેશન વિસ્તાર, કસ્બા, પારસી ગલી, પથીકભુવન, વસેડી, મહુડી ફળિયા, નજરબાગ, પાંજરાપોળ, વોરા કોલોની, રાજપૂત ફળિયા, રાણી બંગલો, ઓલ્ડ પેલેસ, બજાર, શ્રીજી સોસાયટી, ક્લબ રોડ, ગુરુકૃપા સોસાયટી સહિતના વિસ્તારોમાં 46 ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સાથે ગ્રામિણ વિસ્તારોમાં પણ સમકક્ષ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન 105 એન્જિનિયરો, 255 કર્મચારીઓ અને 121 પોલીસ કર્મીઓ મળીને અલગ વિસ્તારોમાં તપાસ માટે ઉતર્યા હતા. આ સઘન ચેકિંગના પરિણામે મોટા પ્રમાણમાં વીજ ચોરી બહાર આવી હતી.

આગળ પણ અચાનક ચેકિંગ ચાલુ રહેશે

છોટાઉદેપુરના ડેપ્યુટી એન્જિનિયર રચના મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં પણ નગર તેમજ ગ્રામિણ વિસ્તારોમાં આકસ્મિક વીજ ચેકિંગ ચાલુ રહેશે અને વીજ ચોરી કરતા કનેક્શનો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. છોટાઉદેપુર નગર તથા આસપાસના વિસ્તારોમાં અગાઉ પણ એમજીવીસીએલની વિજિલન્સ ટીમોએ મોટા પાયે તપાસ કરી છે, જેમાં અનેક કનેક્શનો વીજ ચોરીમાં ઝડપાયા હતા અને ભારે દંડ ફટકારવામાં આવ્યો હતો. લોકચર્ચા મુજબ, ગ્રામિણ વિસ્તારોમાં વધુ તપાસ કરવામાં આવે તો ગેરકાયદેસર પોલ-પટ્ટી સહિતની અનેક અનિયમિતતાઓ બહાર આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નજીકના સમયમાં નગર અને ગ્રામિણ બંને વિસ્તારોમાં ફરી એકવાર ચેકિંગ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

માંડવા ગ્રામ પંચાયતનું દાખલા માટે તઘલખી ફરમાન !!

માંડવા પંચાયતમાં વેરો ભરો તો જ મરણનો દાખલો મળે !

વેરો ભરો તો જ કામ થશે એવા આદેશથી ગ્રામજનોમાં રોષ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.24

ડભોઈ તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં અવારનવાર નવા મુદ્દાઓને લઈને વાતાવરણ ગરમાતું રહે છે. ત્યારે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ડભોઈ તાલુકાની માંડવા ગ્રામ પંચાયતમાં જન્મ-મરણના દાખલા માટે તઘલખી ફરમાન બહાર પડ્યું હોવાની ચર્ચાએ ભારે વિવાદ જગાવ્યો છે.

ગ્રામજનોનું કહેવું છે કે માંડવા ગ્રામ પંચાયતમાં જો જન્મ કે મરણનો દાખલો જોઈએ તો પહેલા વેરો ભરો, ત્યારબાદ જ પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રકારના ફરમાનને લઈને ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું આવા આદેશ પાછળ ઉપરની કચેરીનો કોઈ સત્તાવાર હુકમ છે કે પછી મનસ્વી રીતે નિયમો ઘડવામાં આવી રહ્યા છે? નાનકડા માંડવા ગામમાં આ મુદ્દે અનેક ચર્ચાઓ ઉઠી રહી છે. જાણકારી મુજબ જાગૃત ગ્રામજનો દ્વારા આ મામલે જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરવાની તૈયારી પણ ચાલી રહી છે.

ડભોઈ તાલુકાની માંડવા ગ્રામ પંચાયતના ડાહ્યાભાઈ સુખાભાઈ વસાવા (રહે. જારા ફળીયા)એ પોતાના ભાઈ નટુભાઈ સુખાભાઈ વસાવાના મરણ દાખલા માટે ગ્રામ પંચાયત ખાતે અરજી કરી હતી. ત્યારે તલાટી કમ મંત્રીએ તેમને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "પહેલા બાકી વેરો ભરો, ત્યારબાદ જ મરણ દાખલાનું પ્રમાણપત્ર મળશે."

આ ઘટનાને લઈને ગ્રામજનોમાં અસંતોષ ફેલાયો છે. વેરા વસુલાત જરૂરી છે તે વાત સ્વીકાર્ય છે, પરંતુ મરણ દાખલા જેવી તાત્કાલિક અને આવશ્યક પ્રક્રિયામાં વેરા સાથે શરત જોડવી કેટલાં અંશે વ્યાજબી છે તે મોટો પ્રશ્ન બની રહ્યો છે. મરણ દાખલાની તાત્કાલિક જરૂરિયાત હોવા છતાં આવી અડચણ ઉભી કરાતી હોવાનો આરોપ ગ્રામજનો લગાવી રહ્યા છે.

હવે જોવું રહ્યું કે ઉપરની કચેરી આ મામલે કોઈ સ્પષ્ટ આદેશ આપે છે કે પછી વેરો ભર્યા બાદ જ જન્મ-મરણના દાખલા આપવામાં આવશે ? તે પ્રશ્ન ચર્ચાનો મુદ્દો બન્યો છે. પરંતુ ગામમાં એક ચર્ચા મુજબ, પંચાયત દ્વારા વેરા વસુલાતમાં મોટા માથા સામે કાર્યવાહી કરવાના બદલે નાના માણસો માટે તઘલખી નિર્ણય કર્યો છે.

સાવલીમાં હિન્દુ સંગઠનોનો બાંગ્લાદેશ સામે ઉગ્ર રોષ

હિન્દુ અલ્પસંખ્યકો પર અત્યાચારનો મુદ્દો ઉઠાવીને મામલતદાર ને આવેદન પત્ર

(પ્રતિનિધિ) સાવલી, તા.24

સાવલી ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ હિંસા-હત્યાની 88થી વધુ ગંભીર ઘટનાઓનો દાવો કર્યો હતો અને મંદિરો તોડફોડ, ઘરો સળગાવવાની ઘટનાઓમાં વધારો થયો છે અને હિન્દુ યુવાન દીપુ ચંદ દાસની હત્યા બાદ સળગાવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર બાંગ્લાદેશમાં આગજની અને અરાજકતા ફેલાઈ છે અને 1971 જેવી સ્થિતિ સર્જાઈ રહી હોવાનો ગંભીર આક્ષેપ આવેદન પત્ર માં કરવામાં આવ્યો છે અને કટ્ટરપંથી તત્વો દ્વારા ભારત વિરોધી ષડયંત્ર રચાતું હોવાનો ઉલ્લેખ કર્યો છે.

જેથી ભારત સરકારને બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા અપીલ કરવામાં આવી છે અને કાર્યવાહી નહીં થાય તો દેશવ્યાપી આંદોલનની ચેતવણી આપી છે આ પ્રસંગે મોટી સંખ્યામાં હિન્દુ અગ્રણી ઓ હાજર રહ્યા હતા.

શિનોરમાં ગેરકાયદે રેતી, લાકડા વહન કરતા 2 ટ્રેક્ટર જપ્ત કરાયાં

શિનોરમાં મામલતદાર દ્વારા કાર્યવાહી

(પ્રતિનિધિ) શિનોર, તા.24

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તંત્રે કડક વલણ અપનાવ્યું હતું. તા. 22 ડિસેમ્બરના રોજ શિનોર મામલતદાર દ્વારા બિનઅધિકૃત રીતે લાકડા અને રેતી વહન કરતા બે ટ્રેક્ટર ઝડપી પાડી જપ્ત કરવામાં આવ્યા હતા.

શિનોર મામલતદાર દ્વારા સુરાશામળથી મીઠોળ મેઈન રોડ પર નંબર વગરનું એક ટ્રેક્ટર-ટ્રોલી શંકાસ્પદ રીતે પસાર થતું હોવાનું જણાયું હતું. આ તપાસ દરમિયાન તેમાં ગેરકાયદેસર રીતે લાકડાની ચોરી કરીને લઈ જવાતી હોવાનું બહાર આવ્યું હતું. ટ્રેક્ટર ચાલકે જણાવ્યું હતું કે મહેશ નામના વ્યક્તિએ લાકડા કપાવ્યા છે અને તે કુરાલી મુકામે આવેલા બેન્સામાં લઈ જવાના છે. જોકે, લાકડા પરિવહન માટે કોઈપણ પ્રકારનો આધાર, પરમિટ કે પુરાવો રજૂ કરી શક્યો નહોતો. આથી શિનોર મામલતદારને જાણ કરવામાં આવતા સર્કલ ઓફિસર સ્થળ પર પહોંચ્યા અને બિનઅધિકૃત રીતે લઈ જવાતા લાકડા સાથે ટ્રેક્ટર તથા ટ્રોલી જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત, એ જ દિવસે રાત્રિના સમયે નર્મદા નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરીને વહન કરાતું એક અન્ય ટ્રેક્ટર સુરાશામળ રોડ પરથી ઝડપાયું હતું. પાસ-પરમિટ વગર રેતી વહન થતી હોવાથી આ ટ્રેક્ટરને પણ જપ્ત કરવામાં આવ્યું હતું અને સંબંધિત નિયમો મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. શિનોર તાલુકામાં બિનઅધિકૃત રેતી ખનન અને લાકડા ચોરી જેવા બે નંબરના ધંધાઓ લાંબા સમયથી ફૂલેફાલે છે તેવી ચર્ચા વચ્ચે મામલતદાર દ્વારા કરાયેલી આ કાર્યવાહીથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

નસવાડીના કડુલી મહુડી શાળામાં ટીબી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

નસવાડી તાલુકામાં કડુલી મહુડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબી રોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય,ટીબી સુપરવાઈઝર રાહુલકુમાર,MPHW મયુરભાઈ તથા Cho ભુમિકાબેન તથા શિક્ષક સ્ટાફ અને ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. ટીબી સુપરવાઈઝર રાહુલકુમાર દ્વારા વિદ્યાર્થીઓને ટીબી રોગના લક્ષણો જણાય તો દવાખાનામાં બે ગળફાની તપાસ કરાવવી.અને ટીબી થયેલ વ્યક્તિ એ શુ કાળજી લેવી, પોષણક્ષમ આહાર, નિક્ષય પોષણ યોજના આમ ટીબી રોગ વિષે સંપૂર્ણ માહિતી આપવામાં આવી.Mphw મયુરભાઈ દ્વારા મચ્છર જન્ય રોગો વિષે માહિતી આપી હતી.

છોટાઉદેપુરમાં ડાયાબિટીસના માર્ગદર્શનનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.24

રાજ્યમાં ટાઈપ-1 ડાયાબિટીસ નું ઓડિટોરીયમ જીએમઆરએસ મેડિકલ કોલેજ ગાંધીનગર ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો પાઉલ વસાવા ની ઉપસ્થિતિ માં ટાઈપ -ડાયાબિટીસ નિદાન થયેલ બાળકો માટે ડાયાબિટીસની સારવાર તેમજ દર્દીઓ ને રાખવાની થતી કાળજી બાબતે વિસ્તૃત જાણકારી આપવા તેમજ બાળકોને કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જેમાં જિલ્લા ક્ષય અધિકારી ડો બીએમ ચૌહાણ, જિલ્લા રક્તપિત્ત અધિકારી ડો હિરેન ગોહિલ જિલ્લા તાલીમ કેન્દ્ર ના સિનિયર મેડિકલ ઓફિસર ડો આશિષ બારીયા, બાળરોગ નિષ્ણાત તથા તાલુકા આરોગ્ય અધિકારી કદવાલ તેમજ નર્સિંગ કોલેજ ના પ્રિન્સીપાલ ભાવનાબેન જોષી સહિત વાલીઓ સાથે મોટી સંખ્યામાં ડાયાબિટીસ ગ્રસ્ત બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

પાદરા તાલુકાના કરખડી ગામે વિશ્વ ખેડૂત દિવસની ઉત્સાહભેર ઉજવણી

પ્રગતિશીલ ખેડૂત મંડળના સંયુક્ત આયોજનથી ભવ્ય કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.23

પાદરા તાલુકાના કરખડી ગામે વિશ્વ ખેડૂત દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. કરખડી, ચોકારી તથા મજાતણ પ્રગતિશીલ ખેડૂત મંડળના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય દિનુમામા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશપાલસિંહ પઢીયાર, તાલુકા પંચાયત સદસ્યો, ગામના સરપંચ, એપીએમસી પ્રમુખ પ્રવીણ સિંધા, ડિરેક્ટર અલ્પેશ પટેલ, મુકેશ પટેલ તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ આમંત્રિત મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ આપી સન્માનપૂર્વક કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગિક પ્રવચન કરતાં ખેડૂતોના અવિરત પરિશ્રમ, ખેતી ક્ષેત્રના મહત્વ અને ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં ખેડૂતની મુખ્ય ભૂમિકા વિશે વિશદ રીતે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ખેડૂત દેશની અર્થવ્યવસ્થાનો આધારસ્તંભ છે અને તેમની મહેનતથી જ દેશની ખોરાક સુરક્ષા સુનિશ્ચિત થાય છે.

પ્રવચનમાં સરકાર દ્વારા અમલમાં રહેલી વિવિધ ખેડૂત કલ્યાણકારી યોજનાઓ, આધુનિક ખેતી પદ્ધતિઓ, ખેતીમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ, ખર્ચ ઘટાડીને ઉત્પાદન વધારવા તેમજ ખેડૂતોની આવક વધારવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર સામે વાઘોડિયામાં ઉગ્ર વિરોધ કરાયો

હિન્દુઓની સુરક્ષા માટે રાષ્ટ્રપતીને વિનંતી

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.24

બાંગ્લાદેશમાં હિન્દુ સમાજ પર થઈ રહેલા અત્યાચાર અને હુમલાઓના વિરોધમાં દેશભરમાં ઉગ્ર પ્રદર્શન થઈ રહ્યા છે. આ રાષ્ટ્રીય આંદોલનના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ વાઘોડિયા, વિશ્વ હિન્દુ પરિષદ અને તાલુકા સરપંચ સંઘ, વકિલો દ્વારા હિન્દુ સંગઠનના કાર્યકરોએ વાઘોડિયા સેવા સદનખાતે ભારે સુત્રોચ્ચાર સાથે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.જે બાદ જયઅંબે ચાર રસ્તા પાસે બાંગ્લાદેશના વડાપ્રધાનનું પૂતળું દહન કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશ સરકાર હિન્દુઓની સુરક્ષા કરે, હિન્દુઓ પરના અત્યાચાર બંધ કરો જેવા સૂત્રોચ્ચારથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસા, અત્યાચાર, હત્યા જેવી ઘટનાઓ સહિત હિન્દુઓના મકાનમા લુંટફાટ, મંદિરોનો નાશ જેવા અત્યાચારો રોકાવા જોઈએ. દિપુચંદ દાસ નામના હિન્દુ યુવાનને ઝાડ પર લટકાવી સડગાવી મારી નાંખ્યો હતો.ઢાકામા ભારત વિરોધી કાવતરા રચાઈ રહ્યા છે.કટ્ટરપંથી ઓ ખુલ્લેઆમ ધમકીઓ આપે છે.આવા અત્યાચાર અટકાવી ભારત સરકાર દ્વારા કડક પગલાં લેવાય અને બાંગ્લાદેશના રાષ્ટ્રપતી અને વડા પ્રધાન તેમજ ભારતીય દુતાવાસો હિન્દુઓની સુરક્ષા માટે જરુરી પગલા ભરવા ઘટતુ કરે તેવી માંગ આવેદન પત્ર ધ્વારા રાષ્ટ્રપતી સુધી પહોંચાડવા આવેદન પત્ર અપાયુ હતું.

બહાદરપુર રેલવે ગરનાળા પાસે બે ટ્રકનો અકસ્માત

(પ્રતિનિધિ) સંખેડા, તા.24

બહાદરપુર લીઝમાંથી રેતી ભરીને વડોદરા તરફ જઈ રહેલી ટ્રક રેલવે ગરનાળામાંથી બહાર નીકળતા વળાંક પર સામેથી આવતી ખાલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ખાલી ટ્રકના ડ્રાઈવરને કાચ તૂટવાના કારણે ઈજાઓ થઈ હતી, જ્યારે રેતી ભરેલી ટ્રકના ડ્રાઈવરને કોઈ ઈજા થઈ ન હતી. ખાલી ટ્રકના પાટા તૂટી ગયા હતાં. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વળાંક પર જાડી-ઝાંખરા હોવાને કારણે સામેથી આવતી ગાડીઓ દેખાતી ન હતી, જે અકસ્માતનું મુખ્ય કારણ બન્યું હતું. સ્થાનિકો દ્વારા માર્ગ અને મકાન વિભાગને આ જાડી-ઝાંખરા સાફ કરવાની માંગ કરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવી કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

ગ્રાન્ટના આયોજન, એસ્ટિમેટ તૈયાર કરવાની પ્રક્રિયા અને ટેન્ડરોના અમલ બાબતે નગરમાં વિવિધ ચર્ચાઓ

ઝાલોદ નગરપાલિકાના વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અંગે ચર્ચાઓ તેજ

ગ્રાન્ટના ઉપયોગ મુદ્દે નગરપાલિકા એન્જિનિયર સામે ઉઠતા સવાલો

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.24

ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં વિકાસ કાર્ય માટે ગુજરાત સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટના આયોજન, એસ્ટિમેટ તૈયાર કરવાની પ્રક્રિયા અને ટેન્ડરોના અમલ બાબતે નગરમાં વિવિધ ચર્ચાઓ અને આક્ષેપો સામે આવી રહ્યા છે.

નગરમાં ચાલતી ચર્ચાઓ અનુસાર નગરપાલિકામાં ફરજ બજાવતા એન્જિનિયર કિશોર દ્વારા અગાઉ કરવામાં આવેલા વિકાસ કામોમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. નગરજનોના જણાવ્યા મુજબ કેટલાક કોન્ટ્રાક્ટરો સાથે મિલીભગત કરી ગ્રાન્ટના કામો કરાવવામાં આવ્યા હોવાની ચર્ચા પણ ઉઠી છે. સ્થાનિક સ્તરે એવી ચર્ચા પણ સાંભળવા મળી રહી છે કે સંબંધીત કર્મચારી કાયમી ન હોવા છતાં પોતાને ઉચ્ચ અધિકારી સમાન વર્તન કરતા હોવાનો અનુભવ કેટલાક લોકો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, આ બાબતે હાલ સુધી કોઈ સત્તાવાર પુરાવા ઉપલબ્ધ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઝાલોદ નગરપાલિકામાં થતા વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અંગે અગાઉ પણ ફરિયાદો ઉઠી હતી. પરંતુ તેમાં દેખાવ પૂરતી કાર્યવાહી થઈ છે.

તપાસની માંગ, સત્ય બહાર આવવાની અપેક્ષા

નગરજનો ખુલ્લેઆમ આ મુદ્દે બોલતા સંકોચ અનુભવે છે, પરંતુ તેમનું કહેવું છે કે જો સંબંધીત કર્મચારીના બેંક ખાતાઓ, મિલ્કત અને ખર્ચની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવે, તો સાચી હકીકત સામે આવી શકે. સાથે જ સરકાર દ્વારા ફાળવાયેલી ગ્રાન્ટ અને થયેલા વિકાસકામોની વિગતવાર સમીક્ષા કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. અહીં સ્પષ્ટ કરવું જરૂરી છે કે ઉપરોક્ત તમામ બાબતો હાલ નગરમાં ચાલી રહેલી ચર્ચાઓ અને આક્ષેપો પર આધારિત છે. પત્રકાર તરીકે અમારી પાસે આ મુદ્દે કોઈ સત્તાવાર પુરાવા ઉપલબ્ધ નથી. જો ગુજરાત સરકાર અથવા સંબંધિત વિભાગ દ્વારા યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે, તો સમગ્ર મામલાની સાચી હકીકત સામે આવી શકે તેવી નગરજનોની અપેક્ષા છે.